Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

નં.કેસીજી/૨૦૨૦-૨૧/ 3210 તા.૦૫/૦૩/૨૦૨૧

વિષય: "આંતરરાષ્ટ્રીય મહિલા દિન"ની ઉજવણી નિમિત્તે આયોજિત ઓનલાઈન વેબિનારમાં ભાગ લેવા બાબત

શ્રીમાન/શ્રીમતી,

"આંતરરાષ્ટ્રીય મહિલા દિન" દર વર્ષે ૮મી માર્ચના દિવસે સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવે છે. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ મહિલા ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે. સામાજિક ઉત્થાનમાં મહિલાઓની ભૂમિકાની અગત્યતાને ધ્યાનમાં લઈ તેમનામાં શિક્ષણનો વ્યાપ વધે તેમ જ તેઓ રાષ્ટ્રીય અને સામાજિક વિકાસમાં પોતાનું યોગદાન આપી ભાગીદાર બની શકે તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન થતું હોય છે. જે અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા તા.૦૮/૦૩/૨૦૨૧ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે મહિલા સશક્તિકરણ અંગે ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં માન. અગ્રસચિવશ્રી (શિક્ષણ)ની અધ્યક્ષતામાં, મહિલા શિક્ષણવિદો તથા વિદ્યાર્થીનીઓ પોતાના પ્રતિભાવો રજુ કરશે. ઉક્ત બાબતે આપની કોલેજની વિદ્યાર્થીનીઓમાં પણ જાગૃતિ લાવવા માટે આપની કક્ષાએથી તેઓને વેબીનારમાં ભાગ લેવા સૂચના આપવા તથા મહતમ સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ભાગ લે તે માટે તેઓને માહિતગાર કરવા જણાવવામાં આવે છે. આ વેબિનારની તારીખ, સમય અને લીંક નીચે મુજબ છે.

તારીખ: ૦૮/૦૩/૨૦૨૧
સમય: ૧૨:૦૦ કલાકે
વેબિનારમાં ભાગ લેવા માટેની લીંક: http://bit.ly/WDC8321A
ફેસબુક મારફતે જોડવા માટેની લીંક: FB Live/KcgGujarat

(એમ. નાગરાજન, IAS)
સીઈઓ
કેસીજી, અમદાવાદ

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ સરકારી તથા બિન સરકારી અનુદાનિત કોલેજો
ગુજરાત રાજ્ય